શહેરમાં વધુ એક સ્વચ્છતા ઝુંબેશ યોજાશે

જાહેર સ્થળો, રસ્તાઓ, બગીચાઓ, ટ્રાફિક સર્કલો સહીત સરકારી રહેણાંકોમાં સફાઈ ઝુંબેશ હાથ ધરાશે


(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૧૭

નિર્મળ ગુજરાત અન્વયે આગામી જાન્યુઆરી મહિનામાં સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવશે. ગાંધીનગર શહેરમાં પણ આ અભિયાન અન્વયે ડોર ટુ ડોર કચરા એકત્રિકરણ સાથે જાહેરસ્થળો, રસ્તાઓ તેમજ ટ્રાફિક સર્કલોની સફાઈ પણ હાથ ધરાશે.

શહેરમાં સફાઈ વ્યવસ્થાના અભાવ વચ્ચે ગંદકીના ઢગખડકાયેલા છે. નિર્મળ નગરની સુકીયાણી વાતો વચ્ચે સેક્ટરોની શેરીઓમાં નજર નાંખો ત્યાં ગંદકી ખદબદી રહી છે. નોટીફાઈડ એરિયા બાદ કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા પછી સફાઈનો પ્રશ્ન વધુ જટીલ બન્યો છે. સેક્ટરોની શેરીઓ તેમજ જાહેર સ્થળોને ગંદકીની સમસ્યા ભરખી ગઈ છે. સાડાચાર દાયકાથી વધુ સમયના અંતે પણ શહેરમાં નમૂનારૂપ સફાઈ વ્યવસ્થા ગોઠવાઈ શકી નથી. લોકજાગૃત અને અસરકારક સફાઈ વ્યવસ્થાના અભાવ વચ્ચે ગાંધીનગરમાં ગંદકીની સમસ્યાએ અજગરભરડો લીધો છે. કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ પણ સફાઈ વ્યવસ્થાના મામલે કોઈ નક્કર આયોજન થઈ શક્યુ નથી. આવા સંજોગોમાં નિર્મળ નગરની સુકીયાણી વાત પણ હવા થઈ ગઈ છે. આ સઘળી સ્થિતિને ધ્યાને સમગ્ર રાજ્યમાં નિર્મળ ગુજરાતના અભિયાનને વેગ આપવા આગામી જાન્યુઆરી મહિનામાં સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવનાર છે. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા શહેરોમાં સફાઈ ઝુંબેશ માટે આયોજન કરી દેવાયું છે. જેના ભાગરૂપે આગામી જાન્યુઆરી મહિનામાં સેક્ટરોમાં ડોર ટુ ડોર કચરો એકત્રિત કરવા ઉપરાંત શહેરના શૌચાલયો, બગીચાઓ, રસ્તાઓ તેમજ ટ્રાફિક સર્કલોની સફાઈ અને સુશોભનનું કામ હાથ ધરાશે. સરકારી મકાનોની પણ સફાઈ કરવામાં આવશે. જ્યારે માર્ગો ઉપર સ્થિત સેન્ટ્રલ વર્જ તેમજ આસપાસના વિસ્તારોમાંથી નિર્જીવ ઘાસ દૂર કરાશે. બંધ સ્ટ્રીટલાઈટોનો પણ સર્વે કરી કામગીરી હાથ ધરાશે. આ મામલે યોગ્ય જનજાગૃતિ કેળવાય તે માટે સહેરની વિવિધ સંસ્થાઓનો પણ સહયોગ લેવાશે. આ દરમિયાન પાણીની ગુણવત્તા ચકાસવા ઉપરાંત લીકેજીસ દૂર કરવા પણ કામગીરી હાથ ધરાશે.

ખૂણે... ...ખાંચરેથી

- દિવ્ય ભાસ્કરની બુધવારે પ્રગટ થતી 'કળશ' પૂર્તિમાં છેલ્લા ૪ વર્ષથી લખતા ગાંધીનગરના શ્રી મનોજ શુકલનો તા. ૧૧-૧૨-૧૩ના અંકનો દીકરી અંગેનો લેખ વાંચીને જાણીતા લેખક શ્રી કાંતિ ભટ્ટે મુંબઈથી ખાસ ફોન કરીને શ્રી શુકલને અભિનંદન પાઠવીને ગળગળા સાદે કહ્યું કે તારો લેખ વાંચીને મને મારી દીકરી યાદ આવી ગઈ. મે તો તેને ઘરમાંથી અને જગતમાંથી એમ બે વાર વળાવી છે.
- ગુજરાત ઠાકોર વિકાસ નિગમના મેનેજીંગ ડાયરેક્ટર શ્રી જશવંત ગાંધીના પિતાશ્રી ઉગરચંદ ગાંધીનું વહેલી સવારે ૮૯ વર્ષની ઉંમરે અવસાન થયું છે. સદ્‌ગતની અંતિમયાત્રામાં અધિકારીઓ -સ્વૈચ્છિક સંસ્થાઓના આગેવાનો અને જ્ઞાતિજનો મોટી સંખ્યામાં જોડાયા હતા.
- જાસુસી કાંડ પ્રકરણની તપાસ કરી રહેલ સુજ્ઞાબેન ભટ્ટ તપાસ પંચને સે. ૧૯માં વધુ એક સરકારી બંગલો ફાળવવામાં આવ્યો છે.
- ગુજરાતી ભાષાના જાણીતા સર્જક કેનેડા સ્થિત શ્રી જય ગજ્જર બે મહિના ગાંધીનગર રોકાવાના છે.
- જિલ્લા પંચાયતના પ્રમુખ હીનાબેન પટેલ માંદગી બાદ પુનઃ સક્રિય થઈ ગયા છે. તેમણે આજે ઓફિસમાં હાજરી આપી હતી.
- સેંટ ઝેવિયર્સ ધો. ૫ થી ૮ના બાળકો આજે શૈક્ષણિક પ્રવાસે ગયા હતા.
- ગાંધીનગર જિલ્લા પંચતાયતની એક સરકારી ગાડીના સાયલન્સર પાસે ઠંડીથી બચવા બેઠેલુ નાનુ ગલુડિયુ માણસા તાલુકાનો પ્રવાસ કરી આવ્યુ. આ ગલુડિયુ રાંધેજા પાસેથી ગાડી પસાર થતી હતી ત્યારે આક્રંદ કરતાં ગાડીના અધિકારીએ ગાડી થોભાવી તપાસ કરી પછી આ ગલુડિયાને માણસાનો પ્રવાસ સલામત રીતે કરાવ્યો હતો.

માણસામાં ભાજપ-કોંગ્રેસ સરખે-સરખા

તાલુકા પંચાયતની પેટા-ચૂંટણીમાં બન્ને પક્ષોના પલ્લાં સરખા થયા : ચરાડા-૧ કોંગ્રેસે ભાજપ પાસેથી આંચકી લીધી તો બદપુરા ભાજપે કોંગ્રેસ પાસેથી આંચકી લીધી

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લાની માણસા તા.પં.ની બે બેઠકોની યોજાયેલી પેટા-ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસે એક-એક બેઠક મેળવી છે.

માણસા તાલુકા પંચાયતની ચરાડા-૧ બેઠક ભાજપ પાસેથી કોંગ્રેસ આંચકી લીધી છે. તો બદપુરાની કોંગ્રેસની બેઠક ભાજપે કબ્જે લઈ આંચકી લીધી છે. આજે જાહેર થયેલા આ પરિણામે બન્ને પક્ષોને સ્તબ્ધ બનાવી દીધા છે.

ચરાડા-૧ની બેઠક પર કોંગ્રેસનો થયેલો વિજય ભાજપની પીછેહઠ દર્શાવે છે તો કોંગ્રેસ પક્ષનો બદપુરાની બેઠક પર થયેલો પરાજય કોંગ્રેસની પીછેહઠ દર્શાવે છે. આ બન્ને બેઠકો માટે આજે સવારે મતગણતરીનું કામ હાથ પર લેવામાં આવ્યું હતું.

પ્રથમ પરિણામ બદપુરાની બેઠકનું જાહેર થયું હતું. કોંગ્રેસે આ બેઠક પર વિજયકૂચ જાળવી રાખવા સારી મહેનત કરી હતી પરંતુ ૪૦૦ થી વધુ મતે તે ગુમાવી હતી. જેને પગલે કોંગ્રેસમાં નિરાશાનું મોજુ પ્રસર્યુ હતુ.

જો કે ચરાડા-૧ ની બેઠક ધારાસભ્ય શ્રી અમીત ચૌધરી માટે પ્રતિષ્ઠાની બેઠક હતી. પંચાયતના વિપક્ષી નેતા શકુંતલાબેન પટેલે પણ આ બેઠક પર પોતાનું જોર લગાડ્યું હતુ, પરંતુ પરિણામ કોંગ્રેસની તરફેણમાં આવ્યું હતું. કોંગ્રેસે આ બેઠક ભાજપ પાસેથી ૨૫૦ કરતાં પણ વધુ મતે આંચકી લીધી હતી.

વિજયી ઉમેદવારોના સરઘસ પણ નીકળ્યા હતા અને બન્ને પક્ષોએ તેમના વિજયને વધાવ્યો હતો. માણસા તાલુકા પંચાયતમાં ભાજપ પાસે સત્તા છે. જો કે તેની બહુમતિ પાતળી છે. તેના ૧૧ સભ્યો છે જ્યારે કોંગ્રેસના ૯ સભ્યો છે.

દિક્ષાંત સમારોહ - દેશભરમાં જાણીતી શિક્ષણ સંસ્થા નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ડિઝાઈનનો દિક્ષાંત સમારોહ મંગળવારે યોજાયો. એન.આઈ.ડી.ના દિક્ષાંત સમારોહની એક આગવી આભા હોય છે... અલગ ડ્રેસીંગ, અનોખી શિસ્ત અને નવી ભાત ઉપસાવતો માહોલ નવી જ ચેતના પ્રગટાવે છે.

પરીક્ષાના અડધો કલાક પહેલા વોટસઅપ પર પેપર લીક થયુ

એલડી એન્જિનિયરીંગ કોલેજમાં પેપર મળી ગયુ જીટીયુની સેમેસ્ટર-૪ની એટીકેટીની પરીક્ષાનું પેપર લીક

અમદાવાદ, તા.૧૭

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા અત્યારે એટીકેટીની પરીક્ષા લેવાઈ રહી છે. જેમાં સેમેસ્ટર-૪ના વિદ્યાર્થીઓને આજે ગણિતનું પેપર હતું જો કે પેપર શરૂ થાય તેના અડધો કલાક પહેલા જ પેપર લીક થતા એલડી ઈજનેરી કોલેજ ખાતે તમામ વિદ્યાર્થીઓને પેપર મળી ગયું હતું. પ્રાથમિક માહિતીમાં વોટ્સઅપ નામની એપ્લીકેશનની મદદથી આ પેપર લીક કરવામાં આવ્યું હતું.

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીની એટીકેટીની પરીક્ષામાં સેમેસ્ટર-૪નું ગણિતનું પેપર લીક થતાં ચકચાર મચી જવા પામી છે. ઘટનાની જાણ થતાં જ તપાસ શરૂ કરી દેવામાં આવી હતી. જેમાં વોટ્સઅપ એપ્લીકેશનની મદદથી પેપર લીક થયું હોવાનું જાણવા મળ્યું છે. જે વિદ્યાર્થીએ પેપર વોટ્સઅપ ઉપર શેર કર્યું હતું તે વિદ્યાર્થી સામે કોપી કેસ કરીને સમગ્ર ઘટનાની વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. સમગ્ર ઘટના પાછળ કોઈ મોટુ નેટવર્ક કામ કરતું હોવાનું તપાસ અધિકારીઓનું અનુમાન છે. તપાસ અધિકારીએ જણાવ્યું હતું કે પેપર લીક પાછળ જવાબદાર વ્યક્તિઓ સામે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવશે દરમિયાન આજની પરીક્ષાને રદ કરવામાં આવે તેવી શક્યતા છે.

કેપીટલ સ્ટેશન પર પોલીસ ચોકી બનશે

અગાઉ અમદાવાદ રેલવે ડિવીઝનના પોલીસવડાએ પણ જગ્યા માટે માંગણી કરી હતી

ગાંધીનગર, તા. ૧૭

કેપીટલ સ્ટેશન પર પોલીસ ચોકી માટે જગ્યા ફાળવવા ડિવીઝન રેલવે મેનેજરને પત્ર લખી રજૂઆત કરવામાં આવી છે. અગાઉ આ મામલે રેલવે પોલીસ વિભાગના વડાએ પણ જગ્યા આપવા માટે માંગણી કરી હતી. જ્યારે હવે ટુંક સમયમાં કેપીટલ સ્ટેશન પર પોલીસ ચોકી શરૂ થાય તેવી સંભાવના છે.

કરોડોના ખર્ચે વિકસાવાયેલા કેપીટલ સ્ટેશન પર મહત્વની ટ્રેઈનોનો ધમધમાટ શરૂ થયા બાદ રેલયાત્રિકોની અવર-જવર વધી છે. આવા સંજોગોમાં શહેરના ખૂણામાં સ્થિત રેલવે સ્ટેશન પર યાત્રિકોને પાયાની સુવિધાઓ ઉપલબ્ધ થાય તે માટે પણ જરૂરી આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

રેલયાત્રિકોને કેન્ટીન અને સ્ટોલ્સની સુવિધા પુરી પાડવા ટેન્ડરપ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. જેના અંતે ટુંકમાં ખાણી-પીણીની વ્યવસ્થા માટે સ્ટેશન પર કેન્ટીન શરૂ કરી દેવાશે. બીજી તરફ સ્ટેશન વિસ્તારમાં રેલયાત્રિકોની સલામતી માટે પોલીસ ચોકી શરૂ કરવા પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે. આ મામલે થોડા સમય અગાઉ અમદાવાદ ડિવીઝનના રેલવે પોલીસના વડાએ ડિવીઝનલ રેલવે મેનેજરને પત્ર લખી જગ્યા ફાળવવા માંગણી કરી હતી. વધુમાં શહેર વસાહત મહામંડળ દ્વારા પણ ડી.આર.એમ.ને પોલીસ ચોકી માટે જગ્યાની વ્યવસ્થા કરવા પત્ર લખ્યો છે. આગામી ટુંક સમયમાં રેલવે સ્ટેશન પર પોલીસ ચોકી શરૂ કરવા જગ્યાની ફાળવણી કરી દેવાય તેવી સંભાવના છે.

કિચન ગાર્ડન કેનીંગ યોજના થકી લોકો હવે ઘર-આંગણે શાકભાજી વાવે છે

મોંઘવારીના મારથી બચવાનો નવતર અભિયાન લોકોને વધુ રૂચિકર લાગ્યો છે : આ વર્ષે ૨૫ હજાર બિયારણની કિચન ગાર્ડનની કીટો વેચાઈ

ગાંધીનગર, તા. ૧૭

મોંઘવારીમાં શાકભાજીના ભાવ આસમાને જતાં ગાંધીનગર જિલ્લામાં કિચન ગાર્ડન કેનીંગની યોજના વધુ ને વધુ અસરકારક બની રહી છે અને આ યોજના અંતર્ગત ૨૫ હજારથી વધુ બિયારણની નાની થેલીઓનું વિતરણ થવા પામ્યું છે. જે ગત વર્ષની તુલનામાં પાંચ હજાર જેટલી વધુ છે.

૧૯૯૬માં કિચન ગાર્ડનની યોજના અમલમાં મુકવામાં આવી હતી. આ યોજના ખાસ કરીને ઘરની આસપાસની જમીનનો સદુપયોગ થાય અને શહેરીજનોને રોજ તેમની જરૂરિયાતના તાજા ફળફૂલ મળી રહે તે હેતુ હતો.

ઘર આંગણે ઉગાડવામાં આવેલ આ શાકભાજી ઓર્ગેનિક હોય છે તેમજ સીઝન પ્રમાણે તેની વાવણી કરી અને મેળવી શકાય છે.

આ યોજના અંતર્ગત બિયારણ પણ રાહતદરે પુરા પાડવામાં આવે છે. ૧ રૂ. થી લઈ પાંચ રૂ.ની કિંમતમાં આ બિયારણોનું વિતરણ કરવામાં

આવે છે. આ બિયારણમાંથી મળતા ઉત્પાદનને કારણે શાકભાજીના ખર્ચમાં ૭૦ થી ૮૦ ટકા જેટલી બચત થતી હોવાનું તારણ પણ બહાર આવવા પામ્યું છે.

મળતી વિગતો પ્રમાણે ગત વર્ષે ગાંધીનગરમાં ૨૦ હજાર જેટલી બિયારણની નાની થેલીઓનું વિતરણ થયું હતું. જેમાં આ વર્ષે ભારે ઉછાળો નોંધાયો છે અને ૨૫ હજાર જેટલી થેલીઓનું વિતરણ થયું છે.

આમેય ગાંધીનગરમાં શાકભાજીના પાકોના વાવેર વિસ્તારમાં વધારો થયો છે. જો કે શાકભાજીના ભાવો આમ છતાં આસમાને છે તે પણ એક હકીકત છે. ગાંધીનગરમાં શાકભાજીના પાકોમાં પણ વેલાવાળા શાકભાજી વધુ થતા હોવાનું જણાયું છે.

ગાંધીનગરમાં શાકભાજીના રાજા ગણાતા બટાટાનું વાવેતર પણ સારૂ એવું થાય છે અને રાજ્યના ઉત્પાદનમાં તેનો મોટો હિસ્સો છે. દહેગામ તેમજ ગાંધીનગરમાં બટાટાનું વાવેતર વધુ થતુ હોય છે જે ઉલ્લેખનીય છે.

જિલ્લામાં પાક-પેટર્નમાં થઈ રહેલા પરિવર્તનનો સંકેત પણ મળી રહ્યો છે. જો કે જિલ્લામાં કિચન-ગાર્ડન કેનીંગ યોજનાનું સારૂ અમલીકરણ ગાંધીનગર શહેરમાં થતુ હોવાનું પણ જણાયું છે.

જાહેર નિવિદા

આંગણવાડી કાર્યકર / હેલ્પરની ભરતી
બાળ વિકાસ યોજના અધિકારીની કચેરી
દુકાન નં.-૪૮ થી ૫૨, એચ.ડી.એફ.સી. બેંકની પાછળ,
નવજીવન મીલ કમ્પાઉન્ડ, કલોલ

સંકલિત બાળ વિકાસ યોજના કચેરી, કલોલ હસ્તકના આંગણવાડી કેન્દ્રોમાં કાર્યકર / તેડાગર બહેનોની ભરતી કરવાની થાય છે તે અંગે નિયત નમુનામાં અરજી મંગાવવામાં આવે છે.

આંગણવાડી કાર્યકરની ખાલી પડેલ/પડવાની જગ્યાના ગામ/વોર્ડ :-
● ગ્રામ્ય - પિયજ-ઠાકોરવાસ (એક જગ્યા), પાનસર-હરિજનવાસ (એક જગ્યા), સાંતેજ - રાવળવાસ (એક જગ્યા)

આંગણવાડી તેડાગરની ખાલી પડેલ/પડવાની જગ્યાના ગામ/વોર્ડ :-
● વોર્ડ-૩ અંબાજી માતાનો વાસ (એક જગ્યા), વોર્ડ-૪ આંબેડકર વાસ (એક જગ્યા), વોર્ડ-૧૩ - મહેન્દ્ર મીલની ચાલી (એક જગ્યા સંભવિત) તથા ગ્રામ્ય- પિયજ - ઠાકોરવાસ (એક જગ્યા), સાંતેજ-રાવળવાસ (એક જગ્યા), ઉનાલી- ગ્રા.પં.ની બાજુમાં (એક જગ્યા), નારદીપુર-ઠાકોરવાસ (એક જગ્યા સંભવિત), લિંબોદ્રા-દંતાણીવાસ (એક જગ્યા), (ગોકુળપુરા) વડસર - ઠાકોરવાસ (એક જગ્યા), કાંઠા-ઠાકોરવાસ (એક જગ્યા)

આંગણવાડી કાર્યકરની કુલ-૩ અને આંગણવાડી તેડાગરની કુલ-૧૦, ગામ કુલ-૧૩ જગ્યાઓ

(ઉપરોક્ત જગ્યાઓ ઘેકી આં.વાડી તેડાગરની મોખાસણ સેજા નારદીપુરની જગ્યા આગામી જાન્યુઆરીથી તેમજ વોર્ડ-૧૩ની જગ્યા માર્ચ-૧૪થી ભરવામાં આવશે.)

(૧) અરજીના કવર ઉપર કાર્યકર/તેડાગર તેમજ સ્પષ્ટ દર્શાવવાનું રહેશે.
(૨) કાર્યકર માટે લઘુતમ લાયકાત ધોરણ-૧૦ તથા તેડાગર માટે લઘુતમ લાયકાત ધોરણ-૭ પાસ નક્કી થયેલ છે.
(૩) ઉંમર વર્ષ-૧૮થી ઓછી અને ૩૩ વર્ષથી વધુ ન હોવી જોઈએ (જાહેરાત પ્રસિદ્ધની તારીખે)
(૪) અરજી સાથે શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર અન્ય લાયકાતના પ્રમાણપત્રો, માર્કશીટની પ્રમાણિત નકલો સામેલ કરવાની રહેશે. અધુરી વિગતો સાથે સમય મર્યાદા બહાર આવેલ અરજીઓ રદ કરવામાં આવશે. રદ થયેલી અરજીની જાણ કરવામાં આવશે નહીં.
(૫) મહિલા ઉમેદવાર પરણિત અને ગામના સ્થાનિક હોવા જોઈએ. (રેશનકાર્ડની નકલ, ચૂંટણી કાર્ડની નકલ અને પુત્રવધુ અંગેના તલાટી કમ મંત્રીના દાખલા રજૂ કરવા.)
(૬) લગ્ન નોંધણીના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ અરજી સાથે અવશ્ય સમાવેશ કરવાની રહેશે.
(૭) આંગણવાડી કેન્દ્ર જે ગામ કે નગરપાલિકા વિસ્તાર / શહેરના ફળિયા, પરા, વોર્ડમાં આવેલ હોય તેની હદમાં વસવાટ કરતાં ઉમેદવારે જ અરજી કરવાની રહેશે.
(૮) આંગણવાડી કેન્દ્રમાં નિમણુંક મેળવનાર કાર્યકર / તેડાગરને સરકારશ્રીના વખતો વખતના નિયમુ મુજબના માસિક માનદ વેતન મળવાપાત્ર રહેશે.
(૯) અરજદારે ઉમેદવારીપત્ર ગ્રામ પંચાયત, પ્રાથમિક શાળા, આંગણવાડી અને દૂધ મંડળી ઉપર લગાવેલ નમુના પ્રમાણે ભરીને ટિન-૨૦માં શૈક્ષણિક લાયકાતના સાધનિક પુરાવા સાથે રજીસ્ટર એ.ડી. થી પોસ્ટ ઓફીસ મારફતે મોકલવાની રહેશે. તે સિવાય સ્પીડ પોસ્ટ, સાદી ટપાલ, કુરીયર કે રૂબરૂ અરજી કવર સ્વીકાર્ય રહેશે નહીં.
(૧૦) ઉમેદવારની પસંદગી વધુ શૈ. લાયકાત અગ્રતા ક્રમે મેરીટ યાદીના આધારે નિમણુંક આપવામાં આવશે જેની કાર્યવાહી સરકારશ્રીના ધારાધોરણ મુજબ કરવામાં આવશે.
(૧૧) પસંદગી અંગેના અધિકારો પસંદગી સમિતિ પાસે અબાધિત રહેશે. પસંદગી સમિતિ નિર્ણય આખરી ગણાશે. તે અંગે કોઈ તકરાર કરી શકાશે નહીં.

સહી/-
જલ્પાબેન આર. શાહ
બાળ વિકાસ યોજના અધિકારી
આઈ.સી.ડી.એસ. કલોલ ઘટક

સહી/-
પ્રદીપસિંહ રાઠોડ
અધ્યક્ષ વ પ્રાંત અધિકારી
પસંદગી સમિતિ, કલોલ

માહિતી/૧૯૧૮/૧૩-૧૪

હરસોલા વૈષ્ણવ વણિક-બેસણું

અમારા પૂ. પિતાશ્રી ઉગરચંદ રેવચંદ ગાંધીનું તા. ૧૭/૧૨/૧૩ના રોજ દુઃખદ અવસાન થયું છે. સદ્‌ગતનું બેસણું તા. ૧૯/૧૨/૧૩, ગુરૂવાર, સવારે ૯થી ૧૧ કલાકે અમારા નિવાસસ્થાને રાખેલ છે.

સ્થળ : પ્લોટ નં. ૩૧૯/૧, સેક્ટર-૭એ, ગાંધીનગર

કુસુમ જશવંત ગાંધી
ઈન્દિરા જીતેન્દ્ર ગાંધી
ઈન્દુબેન જયંતિલાલ શાહ (પુત્રી)
હંસાબેન શંકરલાલ ગાંધી (પુત્રી)
કલ્પનાબેન કમલેશકુમાર શાહ (પુત્રી)
જાગૃતિબેન નરેન્દ્રકુમાર શાહ (પુત્રી)
જશવંત ઉગરચંદ ગાંધી
(એમ.ડી., ગુ.ઠાકોર અને કોળી વિકાસ નિગમ)
જીતેન્દ્ર ઉગરચંદ ગાંધી
(અ.મ.ઈ., પા.સો.વિ-૩)
તેજસ જશવંત ગાંધી
પુષ્પક જીતેન્દ્ર ગાંધી

પરાગ પટેલ (જાંબુ) મો. ૯૫૧૧૫૮૫૨૭૯
રજનીભાઈ શાહ મો. ૮૮૬૬૧૦૮૬૬૨
નરેન્દ્ર પટેલ (ગંજુ) મો. ૯૮૨૪૦૫૪૨૧૪

દિવાની ટાઈલ્સ
રબ્બર અને પેવર બ્લોક મેન્યુફેક્ચરર એન્ડ સપ્લાયર્સ
તેમજ ફીટીંગ કરી આપવામાં આવશે
જે.એસ. પટેલ વિદ્યામંદિર સામે, માર્કેટ યાર્ડની બાજુમાં, સંઘેજા, ગાંધીનગર

સરકારી / અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર
પીલર, બેનર્સ...
અમી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

જોઈએ છે
ડ્રાઈવર
Winger, Innova, Staff Bus માટે ઈન્ટર્વ્યુ સાથે લાયસન્સ લઈને આવવું.
I Serve System Pvt. Ltd.
201,202, Info Tower-1, Infocity, Gandhinagar
Phone : 23213123
97277 97704

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES
તમામ સાઈઝના એપોલો ટાયર-ટ્યુબ હમેશ સ્ટોકમાં વાજબી ભાવે મળશે

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District
VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિશાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૦૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com